અત્યંત જરૂરી/RTE હેઠળ પ્રવેશ/ફી માહિતી

જા.ન./પ્રાથમિક/RTE/પ્રવેશ/૨૦૨૬/ 2230-32

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.11/૦૨/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત મહાનગરપાલિકા વિસ્તારની તમામ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ.
(RTE હેઠળ તા.૨૦૧૮-૧૯થી વર્ષ -૨૦૨૫-૨૬ સુધી મફત પ્રવેશ આપેલ શાળાઓ)

**વિષય** :- RTE હેઠળ તા.૨૦૧૮-૧૯ થી વર્ષ-૨૦૨૫-૨૬ સુધી મફત પ્રવેશ આપેલ શાળાની ફી અને વિદ્યાર્થીઓની સહાય અંગેની માહિતી બાબત.

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે RTE હેઠળ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને તે હેઠળ રચાયેલ નિયમો-૨૦૧૨ની જોગવાઈઓ હેઠળ શૈક્ષણિક વર્ષ – ૨૦૧૮-૧૯થી વર્ષ - ૨૦૨૫-૨૬ સુધીમાં સુરત જિલ્લાની સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ **બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં** ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવેલ અને હાલ આ વિદ્યાર્થીઓ ક્રમાનુસાર જે-તે ધોરણમાં અભ્યાસ કરે છે તેવા વિદ્યાર્થીઓની વિદ્યાર્થી દીઠ ધોરણવાર જે ફી નિયત કરવામાં આવેલ હોય તેવા વિદ્યાર્થીઓની પ્રવેશ ફી અને સત્ર ફી સાથેની કુલ ફી ની વિગતો તૈયાર કરવાની રહેશે.

સરકારશ્રીના ઠરાવ મુજબ વિદ્યાર્થી દીઠ પ્રવેશ ફી અને સત્ર ફી મળીને કુલ વાર્ષિક ફી તેમજ વિદ્યાર્થીઓને આપવામાં આવતી સહાયની વિગતો શાળાઓએ સામેલ નિયત પત્રક –૧ અને ૨માં હાર્ડકોપી અને સોફ્ટકોપી (Pen Drive)માં જ શાળામાં આર.ટી.ઈ.ની કામગીરી કરતા જાણકાર કર્મચારીએ નીચે જણાવેલ તારીખ, સ્થળ અને સમયે રજૂ કરવા જણાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ | માહિતી રજૂ કરવાનું સ્થળ | SVS નંબર | સમય |
|---|---|---|---|---|
| ૧ | ૧૬-૦૨-૨૦૨૬ | પીપરડીવાલા ઈંગ્લીશ સ્કૂલ, રાંદેર રોડ, સુરત. | ૧,૩,૯ | સવારે ૧૦:૦૦ કલાકથી બપોરે ૦૩:૦૦ કલાક સુધી |
| ૨ | | શારદા ઈંગ્લીશ એકેડેમી, કોઝવે રોડ, સુરત. | ૨,૫ | |
| ૩ | | તારા વિદ્યા મંદિર, ઉધના, સુરત | ૪ | |
| ૪ | | અથર્વ ઈન્ટરનેશનલ સ્કૂલ, ડિંડોલી, સુરત. | ૮ | |
| ૫ | | હરેકૃષ્ણ વિદ્યાલય, પુણા ગામ, સુરત. | ૬,૭ | |

- વિગત ભરતી વખતે શાળાએ શાળાનું **નામ**, **શાળા બેંક એકાઉન્ટ નંબર**, **IFSC CODE** જેવી વિગતો સ્પષ્ટ વાંચી શકાય તે રીતે ભરી મોકલી આપવાની રહેશે. આ માહિતી EXCEL SHEET (ENGLISH CAPITAL LETTER)(**TIMES NEW ROMAN**) ફોન્ટમાં જ વિગત ભરવાની રહેશે તથા **શાળાનો બેંક એકાઉન્ટ નંબરનો કેન્સલ ચેક** રજૂ કરવાનો રહેશે ઉપરાંત શાળાની વર્ષ-૨૦૧૮-૧૯ થી વર્ષ-૨૦૨૫-૨૬ સુધીના સમયગાળા દરમિયાન RTEની વર્ષવાઈઝ જમા થયેલ રકમની વિગત આધારસહિત રજૂ કરવાની રહેશે.
- **શાળાએ FRC દ્વારા નિયત થયેલ ફી મંજૂરીના હુકમની પ્રમાણિત નકલ બિનચૂક રજૂ કરવી.**
- આ સાથે સામેલ પત્રકની કોલમ/સેલમાં શાળાએ પોતાની કક્ષાએથી કોઈ પણ સુધારા/વધારા કરવા નહિ તેમજ EXCEL SHEETમાં **કોમા**, **ફંકશન**, **ટેક્સ્ટ બોક્ષ**, **મર્જ સેલ**, **કે કોઈ કેરેક્ટર** મુકવા નહિ. ધોરણ-૧ માંથી કે ત્યારબાદ જે શાળામાંથી વિદ્યાર્થી શાળા છોડી ગયેલ હોઈ, કે **અન્ય શાળામાંથી આપની શાળામાં** અભ્યાસ કરવા આવેલ હોય

તેવા **વિદ્યાર્થીઓની યાદી અલગ બનાવવાની રહેશે** તથા તેની સાથે શાળા ફેરફાર કર્યા અંગેના કચેરીના આદેશની નકલ અને દરેક વિદ્યાર્થીઓના એડમીટ કાર્ડની નકલ ફાઈલ સાથે રજૂ કરવાની રહેશે.

- વધુમાં, RTE હેઠળ મફત પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની SSA સંચાલિત ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમમાં RTE હેઠળ નોંધાયેલ બાળકોની ધોરણવાર સંખ્યાની ખરાઈ કરી વિગતો ત્યાર કરવાની રહેશે.
- નિયત પત્રકમાં વિગતો સ્પષ્ટ અને ચોકસાઈપૂર્વક ભરવાની રહેશે, પત્રક સાથે શાળા દ્વારા લેવામાં આવતી વાર્ષિક ફીની રસીદ/લેટર પેડ પર આપવાની રહેશે.
- જે શાળાઓની ફીની વિગતો કેમ્પમાં સમયસર મળશે નહિ અથવા અધૂરી, ખોટી કે નિયત નમૂનામાં ન હોય અને જે-તે વર્ષની ફી બાકી રહે તો તેઓની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.
- શાળાએ રજૂ કરેલ માહિતી મુજબ (પત્રક-૧ અને પત્રક-૨) ફી ની માહિતી રજૂ કરેલ હોય તેની જ ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોવાથી જે શાળા માહિતી રજૂ કરશે નહિ તેમજ RTE DBMS પોર્ટલ પર માહિતી ભરેલ નહિ હોય તો તેને ગ્રાન્ટ ફાળવવામાં આવશે નહિ જેથી ફી બાબતે જે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સઘળી જવાબદારી શાળા સંચાલક મંડળ/આચાર્યની રહેશે તેમજ ત્યારબાદ કોઈ પણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેશો.
- સદર માહિતી ચોકસાઈપૂર્વક માહિતી આપવી તથા પાછળથી સદર બાબતે કોઈ ક્ષતિ માલૂમ પડશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળાની રહેશે.
- સદર ચૂકવણી ઓડિટને આધિન રહેશે.

<u>બિડાણ</u> :- નિયત પત્રક – ૧ અને પત્રક – ૨

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો-સુરત.

<u>નકલ રવાના :-</u>

- **શાસનાધિકારીશ્રી, પ્રાથમિક શિક્ષણ સમિતિ, ગોપીપુરા, સંઘાડીયાવાડ, સુરત.**
- **કન્વીનરશ્રી, એસ.વી.એસ. – ૧ થી ૯**

/- આપના સંકુલમાં સમાવિષ્ટ શાળાઓને ઉપરોક્ત માહિતી તથા ફીની વિગતો નિયત કરેલ તારીખ, સમય અને સ્થળે બિનચૂક મોકલી આપવા જાણ કરવા અંગેની કાર્યવાહી કરવા સારૂ.

પત્રક-૧

## આર.ટી.ઈ અંતર્ગત પ્રવેશ આપેલ શાળાઓને વિદ્યાર્થીઓની સંખ્યા અને ચુકવવાપાત્ર ફી ની વિગત દર્શાવતું પત્રક વર્ષ-2024-25

| ક્રમ | પ્રવેશનું વર્ષ | હાલનું ધોરણ | શાળાનું નામ | શાળાનું સરનામું | શાળાનો UDISE CODE | શાળાનો બેંક એકાઉન્ટ નંબર | IFSC | RTE હેઠળ મફત પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની સંખ્યા | FRC દ્વારા નિયત થયેલ એક વિદ્યાર્થીદીઠ વાર્ષિક ફી | કુલ (કોલમ 9 × 10) | શાળાનો PAN નંબર | RTE ની કામગીરી સંભાળતા કર્મચારીનું નામ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 |
| 1 | 2018-19 | 8 | | | | | | | | | | | |
| 2 | 2019-20 | 7 | | | | | | | | | | | |
| 3 | 2020-21 | 6 | | | | આ ફોરમેટમાં કોઈ સુધારો વધારો કરવો નહિ. | | | | | | | |
| 4 | 2021-22 | 5 | | | | | | | | | | | |
| 5 | 2022-23 | 4 | | | | | | | | | | | |
| 6 | 2023-24 | 3 | | | | | | | | | | | |
| 7 | 2024-25 | 2 | | | | | | | | | | | |
| 8 | 2025-26 | 1 | | | | | | | | | | | |

**પ્રમાણપત્ર:-**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે,ઉપરોક્ત એકાઉન્ટ નંબર શાળાનો જ એકાઉન્ટ આપેલ છે.સદર વિદ્યાર્થીઓને શાળામાં આર.ટી.ઈ. અંતર્ગત પ્રવેશ આપવામાં આવેલ છે. તેની જ માહિતી મોકલવામાં આવેલ છે. હવે પછી કોઈ પણ વિદ્યાર્થીની માહિતી આપવાની બાકી રહેતી નથી. ઉપરોક્ત વિદ્યાર્થીઓની માહિતી જનરલ રજીસ્ટર પ્રમાણે સાચી અને બરાબર છે. તેમજ CTS ઉક્ત તમામ વિદ્યાર્થીઓને RTE હેઠળ દર્શાવેલ છે. હવે પછી આ માહિતીમાં ફેરફારનો કોઈ અવકાશ રહેતો નથી.

આચાર્યશ્રીનાં સહી/સિક્કા

**નોંધ:-**

૧. માહિતી એક્સેલ સીટમાં અંગ્રેજીમાં જ ભરવી.
૨. કોઈ પણ રો કે કોલમને મર્જ કરવી નહિ. (મર્જ કરેલ કોલમવાળી માહિતી સ્વીકારવામાં આવશે નહી.)
૩. બેંક એકાઉન્ટ અને IFSC નંબરમાં સ્પેસ આપવી નહિ. બેંક એકાઉન્ટ અને IFSC નંબરની માહિતી ચોકસાઈ પૂર્વક ભરવી.
૪. બેંક એકાઉન્ટ નંબરમાં આગળ "શૂન્ય" હોય તો "શૂન્ય" અવશ્ય લખવો. અન્ય ચિહ્નોનો ઉપયોગ કરવો નહિ.
૫. IFSC નંબરમાં પાંચમો નંબર હંમેશા "શૂન્ય" જ આવશે જેનું ખાસ ધ્યાન રાખવું.
૬. બેંક એકાઉન્ટ અને IFSC નંબર લખતી વખતે અન્ય કોઈ સિમ્બોલનો ઉપયોગ કરવો નહિ અને જો નંબર આગળ શૂન્ય ન આવે તો TEXT ફોરમેટમાં માહિતી તૈયાર કરવી.
૭. કેટલીક શાળાઓ દ્વારા વર્ડ ફાઈલમાં માહિતી મોકલી આપવામાં આવે છે જે સ્વીકારવામાં આવશે નહિ.
૮. કેન્સલ ચેકની નકલ બિનચૂક રજુ કરવી તેમજ શાળાનાં નામનું જ રાષ્ટ્રીયકૃત બેંકનું એકાઉન્ટ હોવું જોઈએ.
૯. FRC દ્વારા નિયત થયેલ ફી મંજૂરીનાં હુકમની નકલ બિનચૂક સામેલ રાખવી.
૧૦. બંધ થયેલ બેંક,મર્જ થયેલ બેંક વગેરેની ચકાસણી કર્યા બાદ જ માહિતી રજુ કરવી.
૧૧.ઉક્ત નિયત ફોર્મેટમાં જ માહિતી રજુ કરવી.નિયત ફોર્મેટ વગરની માહિતી સ્વીકારવામાં આવશે નથી.

## પત્રક-૨

### આર.ટી.ઈ અંતર્ગત પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની ચુકવવાપાત્ર સહાય ની વિગત દર્શાવતું પત્રક વર્ષ-2025-26

| ક્રમ | શાળાનો ડાયસ કોડ | ધોરણ-1 માં પ્રવેશનું વર્ષ | હાલનું ધોરણ | ઓનલાઈન અરજી નંબર | વિદ્યાર્થીનું પૂરું નામ | વિદ્યાર્થીનો બેંક એકાઉન્ટ નંબર | IFSC | સહાયની રકમ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 1 | | | | | | | | | |
| 2 | | | | | | | | | |
| 3 | | | | | | | | | |
| 4 | | આ ફોરમેટમાં કોઈ સુધારો વધારો કરવો નહિ. | | | | | | | |
| 5 | | | | | | | | | |
| 6 | | | | | | | | | |
| 7 | | | | | | | | | |
| 8 | | | | | | | | | |

<u>પ્રમાણપત્ર:-</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે,ઉપરોક્ત એકાઉન્ટ નંબર વિદ્યાર્થી/વાલીનો જ એકાઉન્ટ આપેલ છે.સદર વિદ્યાર્થીઓને શાળામાં આર.ટી.ઈ. અંર્તગત પ્રવેશ આપવામાં આવેલ છે. તેની જ માહિતી મોકલવામાં આવેલ છે. હવે પછી કોઈ પણ વિદ્યાર્થીની માહિતી આપવાની બાકી રહેતી નથી. ઉપરોક્ત વિદ્યાર્થીઓની માહિતી જનરલ રજીસ્ટર પ્રમાણે સાચી અને બરાબર છે.તેમજ વાલી/વિદ્યાર્થીની બેંક પાસબુકની અધ્યતન એન્ટ્રી ચકાસી માહિતી ભરેલ છે. <u>તેમજ CTS ઉક્ત તમામ વિદ્યાર્થીઓને RTE હેઠળ દર્શાવેલ છે. તેમજ RTE-DBMS પોર્લટ પર અપલોડ કરેલ છે.</u>હવે પછી આ માહિતીમાં ફેરફારનો કોઈ અવકાશ રહેતો નથી.

આચાર્યશ્રીનાં સહી/સિક્કા

<u>નોંધ:-</u>

૧. માહિતી એક્સેલ સીટમાં અંગ્રેજીમાં જ ભરવી.
૨. કોઈ પણ રો કે કોલમને મર્જ કરવી નહિ. (મર્જ કરેલ કોલમ વાળી માહિતી સ્વીકારવામાં આવશે નહી.)
૩. બેંક એકાઉન્ટ અને IFSC નંબરમાં સ્પેસ આપવી નહિ. બેંક એકાઉન્ટ અને IFSC નંબરની માહિતી ચોકસાઈ પૂર્વક ભરવી.
૪. બેંક એકાઉન્ટ નંબરમાં આગળ "શૂન્ય" હોય તો "શૂન્ય" અવશ્ય લખવો. અન્ય ચિહ્નોનો ઉપયોગ કરવો નહિ.
૫. IFSC નંબરમાં પાંચમો નંબર હંમેશા "શૂન્ય" જ આવશે જેનું ખાસ ધ્યાન રાખવું.
૬. બેંક એકાઉન્ટ અને IFSC નંબર લખતી વખતે અન્ય કોઈ સિમ્બોલનો ઉપયોગ કરવો નહિ અને જો નંબર આગળ શૂન્ય ન આવે તો TEXT ફોરમેટમાં માહિતી તૈયાર કરવી.
૭. કેટલીક શાળાઓ દ્વારા વર્ડ ફાઈલમાં માહિતી મોકલી આપવામાં આવે છે જે સ્વીકારવામાં આવશે નહિ. જેની કાળજી રાખવી.
૮. તમામ વિદ્યાર્થીઓની સળંગ માહિતી ભરવી.પેજ બ્રેક કે કોઈ રો ખાલી છોડવી નહિ.
૯. રીમાર્કસમાં અગાઉના વર્ષની સહાય બાકી હોય તેની ચકાસણી કરીને લખવી.
૧૦.બંધ થયેલ બેંક,મર્જ થયેલ બેંક વગેરેની ચકાસણી કર્યા બાદ જ માહિતી રજુ કરવી.
૧૧.ઉક્ત નિયત ફોર્મેટમાં જ માહિતી રજુ કરવી.નિયત ફોર્મેટ વગરની માહિતી સ્વીકારવામાં આવશે નથી.
૧૨.વાલીઓની અધ્યતન બેંક પાસબુકની ચકાસણી કરી સદર માહિતી ભરવાની રહેશે.